પોષણ અભિયાન અંતર્ગતની સ્ટેટ લેવલ સેન્કસનીંગ કમિટી (SLSC) દ્વારા ફ્લેક્ષી ફંડમાંથી મળેલ મંજુરી મુજબ ડિસ્ટ્રીક્ટ હેલ્પ ડેસ્ક ટીમ માટે ભાડે વાહન રાખવાની મંજુરી એક વર્ષ માટે લંબાવવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૧૯-૧૮૬-બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૧૦/૨૦૨૦

સંદર્ભ:-

(૧) ભારત સરકાર, નાણાં મંત્રાલય, (ખર્ચ વિભાગ), નવી દિલ્હીનો તા.૬/૯/૨૦૧૬ નો પત્ર ક્: ૫૫(૫)/પીએફ-II/૨૦૧૧

(૨) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો તા.૨૬/૨/૨૦૧૮ નો પત્ર ક્: NNM/7/2017-WBP

(3) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો તા.૦૫/૦૪/૨૦૧૮ નો પત્ર ક્: NNM/7/2017-WBP

(૪) સકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૨/૦૮/૨૦૧૯ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો તા.૦૪/૦૫/૨૦૨૦ નો પત્ર ક્: NNM//60/2018-NNM (E-53072)

(૬) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૭/૦૯/૨૦૨૦ નો પત્ર ક્.: આઇસીડીએસ/પોષણ અભિયાન/SLSC ફ્લેક્ષી ફંડ/DPMU/ભાડાના વાહન/૨૦૧૯

આમુખ:-

સંદર્ભદર્શિત પત્ર (૧) થી કેંદ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત ફ્લેક્ષી ફંડ માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્ર (૨) થી પોષણ અભિયાનની વહિવટી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્ર (3) થી પોષણ અભિયાન અંતર્ગત ૭% રકમ ફ્લેક્ષી ફંડ

તરીકે મંજુર કરેલ છે. સંદર્ભદર્શિત ઠરાવ (૪) થી ફ્લેક્ષી ફંડમાંથી ડિસ્ટ્રીક્ટ હેલ્પ ડેસ્ક ટીમ માટે ૧૨ મહિના માટે વાહન ભાડે રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્રથી (૫) થી ભારત સરકાર દ્વારા પોષણ અભિયાનની વણવપરાયેલી રકમને રિવેલીડેટ કરવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્ર (૬) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા સંદર્ભદર્શિત ઠરાવ (૪)ની મંજુરીમાં ૧ વર્ષની મુદ્દતનો વધારો કરવા માટેની દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે પોષણ અભિયાનના સુપરવિઝન માટે ડિસ્ટ્રીક્ટ હેલ્પ ડેસ્ક ટીમ દ્વારા ફિલ્ડ વિઝીટ કરવા માટે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં જિલ્લ દીઠ ૧ વાહન માટે, સપ્ટેમ્બર-૨૦૨૦ થી ઓગષ્ટ-૨૦૨૧ સુધી, તા.૨૨/૦૮/૨૦૧૯ના ઠરાવથી મંજુર કરેલ રૂ.૯૯ લાખ માંથી બચત રહેતી રૂ. ૭૧.૭૩ લાખની રકમની મુદ્દતમાં વધારો કરવામાં આવે છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા ઉક્ત બાબતે SLSC ની મંજુરી પ્રશ્ચાતવર્તી મંજુરી મેળવી લેવાની રહેશે તેમજ આ બાબતે નાણાં વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૫ના પરિપત્ર ક્ર.: પરચ/૧૨૦૧૪/૧૮૦૦/ઝ.૧ ની જોગવાઈ અનુસાર માસિક ૨,૫૦૦ કિ.મી.ની મર્યાદામાં પ્રતિ કિ.મી. રૂ.૮/- (અંકે રૂ. આઠ પુરા)ના દરે વાહનો ભાડે રાખવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૧૦/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ચૈતન્ય ટી. નિમાવત )
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી. મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, વેબ-સાઇટ પર અપલોડ કરવા સારુ
- સિલેક્ટ ફાઇલ